પ્રેસ નોટ

.........................

**માહે એપ્રિલ ૨૦૧૭ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટલમાં માહે એપ્રિલ ૨૦૧૭ દરમ્યાન ૪૧૮૧ ઈન્ડોર તથા ૪૪૩૪૨ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી નાના ૩૦૭૦ તથા ૬૬૭ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૧૧૦૧૧ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બીના નવા ૭૯૧ અને જુના ૧૩૬૨ દર્દીઓ સહીત કુલ ૨૧૫૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૨૮ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૧૨ તથા આંખ વિભાગમાં ૨૫૨૬ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૬૮૬ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં....0155.. તા. ૧૫–૦૫–૨૦૧૭.

:: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૫ મે થી ૫ જુન ૨૦૧૭ દરમ્યાન આયોજીત વિવિધ કોર્ષોનો સમર કેમ્પનો શુભારંભ.

૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે યોજાયેલ સમરકેમ્પનો શુભારંભ તા.૧૫/૦૫/૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ રૂપાબેન શાહ તથા અન્ય મહાનુંભાવોએ નાટ્ય અને કલાક્ષેત્રના તજજ્ઞોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી સ્વાગત ગીતથી કરવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહએ આ સમર કેમ્પ માટે શહેરના નાટ્યવિદો, નૃત્યકલા ક્ષેત્રે સંકળાયેલ તજજ્ઞોનો સુંદર સહયોગ મળ્યો હોવાનું જણાવી સૌને આવકાર્યા બાદ શિબીરાર્થીનું મંચસ્થ મહાનુંભાવોના હસ્તે સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમ્યાન સ્થાયી સમિતિના સભ્ય શ્રી જગદિશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં સુરત સુધરાઈ સ્થાપના દિનથી આજ દિન સુધીની સુરત મહાનગરપાલિકાની વિકાસયાત્રાનો ચિતાર રજુ કરેલ તથા કલા–સંસ્કૃતિની પરંપરાનું જતન કરવા માટેની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ સુરત શહેરમાં ખુબ મોટા ફલક પર અને ગંભીરપણે સતત થતી હોવાનું જણાવી, સુરત મહાનગરપાલિકા દ્વારા રસ્તા, ડ્રેનેજ, લાઈટ, પાણી, આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ કાર્યક્રમોના આયોજનો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. ફળસ્વરૂપ આજે શહેરના અનેક કલાકારો અને રમતવીરોએ સુરત શહેરનું નામ રોશન કરેલ છે. શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૨૦૧૭ થી તા.૦૫/૦૬/૨૦૧૭ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત આ "સમર કેમ્પ"માં અલગ અલગ વયગૃપ માટે બાળ નાટ્ય શિબિર, નાટ્ય શિબિર અને વેસ્ટર્ન ડાન્સ સહિતના વિવિધ કોર્ષની તાલીમ આપવામાં આવનાર છે. આજ પર્યંત વિવિધ વિભાગોના ૧૪૫ જેટલા શિબીરાર્થીઓને શહેરના નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજજ્ઞો શ્રી કેતન રાઠોડ, શ્રી મેહુલ શર્મા, શ્રી પકજ પાઠકજી, શ્રી નરેશભાઈ કાપડીયા, શ્રી શૈલેન્દ્ર વડનેરે, શ્રી ફરઝાન કરંજીયા, ઉપરાંત અન્ય કસબીઓ પોતાના વિશાળ અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. જેનો મહત્તમ લાભ લેવા શહેરીજનોને અપીલ કરી હતી.

સમર કેમ્પ શુભારંભ કાર્યક્રમમાં નૃત્યમ નર્તન અકાદમી, સરગમ ડાન્સ એકેડમી, આર્ટ ઓફ હાર્ટ, કલાસાગર અને સર્જનશ્રી સંસ્થા દ્વારા નૃત્યો રજુ થયાં હતાં. જેને શિબિરાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નગરજનોએ હોંશભેર માણવાં સાથે કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. સમર કેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પરફોર્મીંગ આર્ટ સેન્ટરના તખ્તે પ્રદર્શિત કરશે. આ કાર્યક્રમમાં વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નાટ્ય અને કલાક્ષેત્રના તજજ્ઞો, શિબીરાર્થી બાળકો, કલાપ્રેમી નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસગે વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓએ વારલી, કેનવાસ તથા પોટ પેઈન્ટીગ નિહાળ્યુ હતુ વધુમાં સ્વછતા મિશન અન્વયે સુરત શહેરનો ભારતમાં ૪થો ક્રમ તથા ગુજરાતમાં પહેલો ક્રમ મેળવ્યા બદલ આજ રોજ ગાંધીનગર ખાતે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીનું એવોર્ડ તથા ચેક આપી સન્માન કરવામાં આવેલ.

"સમર કેમ્પ"નું સમયપત્રક નીચે મુજબ છે.

| ગેલેરી | વિષય | વયગૃપ | સમય |
|---|---|---|---|
| ઓડિટોરીયમ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૪ વર્ષના બાળકો માટે | સવારે ૯ થી ૧૧ કલાક |
| ડાન્સરૂમ | વેસ્ટર્ન ડાન્સ | ૭ થી ૧૫ વર્ષના બાળકો માટે | બપોરે ૧૨ થી ૨ કલાક |
| ઓડિટોરીયમ | નાટ્ય શિબિર | ૧૫ વર્ષથી ઉપરના વયગૃપ માટે | સાંજે ૪ થી ૮ કલાક |

સમાચારયાદી નં. ૧૫૬ , તા.૧૫/૦૫/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

SUMMER CAMP 2017

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સાઉથ ઝોન(ઉધના)ના ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડે.) તથા ટાઉન પ્લાનર(બી)તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં મોજે : ભેદવાડ ,રે.સ.નં. ૨૫/૧ પૈકી મિલકતદાર ધ્વારા હયાત ભોંયતળીયા તથા એક માળની મિલકત ઉપર વધારાનું બીજા માળનું આર.સી.સી. બીમ, કોલમ, સ્લેબ તથા ચણતરની દિવાલો સહિતનું મંજૂર પ્લના વિરૂધ્ધનું બાંધકામ કરવામાં આવતા અત્રેથી મિલકતદારોને તા.૧૯/૦૪/૨૦૧૭ થી સદરહું મંજૂર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ દૂર કરવા સબબ તાકીદ કરવામાં આવેલ, તેમ છતાં મિલકતદારો તરફથી આજદીન સુધી  સદરહું મંજૂર પ્લાન વિરૂધ્ધનું બાંધકામ સ્થલ પરથી દૂર કરવામાં ન આવતા આજરોજ તા.૧૫/૦૫/૨૦૧૭ થી આશરે ૯૦૦ ચો. ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ વધારાનું બીજા માળનું આર.સી.સી. સ્લેબનું મંજૂર પ્લના વિરૂધ્ધનું બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૦૦,૦૦૦/– મિલકતદાર પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0157
તા.૧૫/૦૫/૨૦૧૭

# <u>પ્રે સ નો ટ</u>

<u>વિષય</u> : ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૧ થી ૧૪–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાને ઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૧૮૯ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૪૬૬ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૫૨૬ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૨૧૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૮ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૧૯૧ ચેકી કરી જે પૈકી ૩૪ સંસ્થાઓને નોટીસ આપી. દુધની ડેરી–૧૩૬ ચેકી કરી જે પૈકી ૨૦ સંસ્થાઓને નોટીસ આપી. બરફની ફેકટરી કુલ ૯ સંસ્થા ચેક કરી તે પૈકી ૪ સંસ્થાઓને નોટીસ આપી. બરફનું વેચાણ કરનાર ૨૯ સંસ્થા ચેક કરી જે પૈકી ૧૧ સંસ્થાઓને નોટીસ આપી.

::::::::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0158 તા. ૧૬–૦૫–૨૦૧૭

સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**<u>પ્રેસનોટ</u>**

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૧૬/૦૫/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

(૧) ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં.૧૫૦ માં આવેલ ઉષાનગર સોસાયટીના પ્લોટ નં. ૮૪ અને ૮૫ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વગર ત્રીજા માળે કરવામાં આવેલ આશરે ૧૦૦૦ ચો. ફુટ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ અને ચણતરનુ બાંધકામ દૂર કરવામાં આવેલ છે. આ કામગીરી અંતર્ગત મિલ્કતદાર પાસેથી રૂ.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા), ફા.પ્લોટ નં.૪૫ માં આવેલ ઉમરવાડા ટેનામેન્ટના બ્લોક નં. ડી–૬ તથા તેની પશ્ચિમ દિશાએ આવેલ ઈ.ડબ્લ્યુ.એસ. આંગણવાડીની વચ્ચેની ખુલ્લી જગ્યા ઉપર આશરે ૧૦૦ ચો.ફુટ નો સ્લેબ બનાવી કવર કરવામાં આવેલ જેને આજરોજ ડીમોલીશન કરી દુર કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ. શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે તથા સીકયુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0159
તા.૧૬/૦૫/૨૦૧૭

# <u>રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ–૧૬ મે</u>

**૧૬૦**

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટેલોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ, ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઈમારતો વિગેરે પર ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો તેમ જ રોગની જાણકારી આપતાં સ્ટીકરો ચોંટાડવામાં આવેલ છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, મેલેરિયા માટે સંવેદનશીલ વિસ્તારોની સોસાયટીઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે **<u>તા૧૬/૦૫/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે " રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ રાજાવાડી,મસાલચી વાડ,કમાલ ગલી, કૈલાસ નગર માર્કેટ, ઝાલાવાડ ટેકરો,ચીડીયાકુઈ, ફાલસાવાડી ઝોનમાં , વેસ્ટ ઝોનમાં સુર્યપુરસોસા,દીવાળી બાગ, સંત તુકારામ વિ–૬,રામનગર ઉધના ઝોનમાં મફતનગર,સંજયનગર,તિરૂપતિનગર એ,જગદંબાનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોન બેઠી કોલોની, મીઠીખાડી,રઝાનગર ભાઠેના,જયેશનગર, મહાદેવનગર–૨ ડી.કે.નગર,માં જેવા વિસ્તારોમાં,અઠવા ઝોનમાં આદર્શ પછાત વર્ગ,પીપલોદ, હળપતિવાસ, ,આઝાદનગર,રસુલાબાદ, જેવા વિસ્તારોમાં,કતારગામઝોનમાં શાબરીનગર,મીનાનગર, દરબારનગર,પટેલવાડી–૨, વિશ્રામનગર, સી.હે.સે,બહુચરનગર, પ્રભુનગર,અંબિકાનગર,શીવછાયા જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ધોબીખાડી,નરસિહ મંદિર,ઉધરસભૈયાની વાડી, મફતનગર ઝું, મરઘા કેન્દ્ર,દીનદયાળ ઝું,બુટ ભવાની સો,કૈલાસ નગર જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

<u>આ ઉપરાંત ડ્રાય ડેની પણ કામગીરી કરવામાં આવી.</u>

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | એડિસ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | ભાગ લીધેલ વ્યકિતની સંખ્યા | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 40537 | 94871 | 241 | 279 | 226 | 8721 | 1022 | 6803 | 136 | 68650 | 89 | 2609 | 34940 |

સમગ્ર શહેરમાં.......

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નરશ્રીની સુચના મુજબ આજરોજ લિંબાયત ઝોનમાં ભાઠેના મેઈન રોડ વિસ્તારમાં સિધ્ધિ વિનાયક મંદીર સામે ૭૮,ખોડિયારનગર સોસાયટીમાં આવેલ " શિવ માર્કેટીગ " નામની સંસ્થામાં આરોગ્ય ખાતાના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર એમ.એ.શેખની ટીમએ આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધર્યુ હતું. જે સમયે સંસ્થાની અંદર ગંદકી તેમજ દિવાલો પર ધૂળ અને જાળા બાઝેલા માલુમ પડયા હતા. તેમજ બે સ્થળોએ ચોખ્ખા પાણીનો ભરાવો થયેલ હતો. જેમાં એડીસ મચ્છરો ઉત્પન્ન થયેલ હતા. તેમજ આ સંસ્થાના માલિક પાસે આરોગ્ય ખાતાનો ફુડ સેફટી એકટ મુજબનો પરવાનો પણ હતો નહિ. જેથી ઉપરી અધિકારીશ્રીઓની સુચના મુજબ તાત્કાલીક અસરથી આ સંસ્થાની કામગીરી સંપૂર્ણપણે બંધ કરાવવામાં આવેલ હતી. તેમજ તેઓને નોટીસ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત સંસ્થાના માલિક પાસેથી સ્થળ પર જ રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :- ....0161
તા.૧૭/૦૫/૨૦૧૭

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**પ્રેસનોટ**

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં તા.૧૭/૦૫/૨૦૧૭ ના રોજ ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત**

(૧) ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં.૧૨૮ માં આવેલ ભાઠેના જંકશન પાસે આવેલ ભાઠેના સોસાયટી–૩ ના પ્લોટ નં. ૧ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી લીધા વગર બીજા માળે કરવામાં આવેલ આશરે ૧૦૦૦ ચો. ફુટ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબનુ બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુક્ત રીતે તથા સીકયુરીટી સ્ટાફ સાથે રાખી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0162
તા.૧૭/૦૫/૨૦૧૭

૧૬૩

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૭/૦૫/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષય :–પ્રિ.ટી.પી.સ્કીમ નં.૭(વેસુ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૧૩૯ ના "સેલ ફોર રેસીડન્સ"ના હેતુસરના રીઝર્વેશન પ્લોટનો કબજો લેવા બાબત.**

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી.સ્કીમ નં.૭(વેસુ–મગદલ્લા) જેને સરકારશ્રી દ્વારા પ્રિલીમીનરી સ્કીમ તરીકે મંજુર કરવામાં આવેલ છે. જેમાં ઓ.એન.જી.સી.બ્રીજ પાસે, ટી.જી.બી. હોટલ નજીક આવેલ ફા.પ્લોટ નં.૧૩૯"સેલ ફોર રેસીડન્સ" વાળા પ્લોટનો કબજો જમીન માલિકો દ્વારા સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ. પરંતુ સદર પ્લોટમાં અન્ય ઈસમ દ્વારા ઘણાં સમયથી અમલા/સામાન રાખી પ્લોટનો ગેરકાયદેસર રીતે કબજો જાળવી રાખેલ હતો. જેને ખાલી કરવા અત્રેથી વખતોવખત કબજેદારને લેખિત જાણ કરવામાં આવેલ તેમ છતાં તેઓ દ્વારા પ્લોટ ખાલી નહી કરતા અત્રેથી એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ આજરોજ સદર પ્લોટનો ૧૬૧૩ ચો.મી. જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. સદરહુ કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ અત્રેના સીક્યોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં...01.6.3....
તા.૧૭/૦૫/૨૦૧૭

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશ્નરશ્રી અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટની સુચના મુજબ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.અજીત પી.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના આરોગ્ય ખાતાના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એમ.એ.શેખની એક ટીમે ભાઠેના વિસ્તારમાં બીજે દિવસે પણ મીનરલ વોટરનું ઉત્પાદન કરી તેનુ વેચાણ કરતી સંસ્થામાં ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં ભાઠેના વિભાગ–૩ માં આવેલ કેવલકૃપા ઈન્ડસ્ટ્રીઝમાં હર્ષ બેવરેજીસ નામની મીનરલ વોટરનું ઉત્પાદન કરતી સંસ્થામાં ચેકીંગ હાથ ધરતા, સંસ્થાની બહાર રસ્તાઉપર પાણી ફેલાયેલ તેમજ તેમાં કચરો હેવાનુ ધ્યાને આવેલ તેમજ સંસ્થાની અંદર અને બહારના ભાગમાં કચરાનાં ડબ્બા રાખવામાં આવેલ ન હતા. તેમજ ૧૦ (દસ) જેટલા કારીગરોનાં ડોકટરી સર્ટીફિકેટ સ્થળ ઉપર ઉપલબ્ધ ન હતા. તેમજ સંસ્થા પાસે નિયમ મુજબના પરવાના તથા ફુડસેફટી એકટ મુજબનું લાઈસન્સ માલમ પડયું હતું. જેથી સંસ્થાને નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરી સ્થળ ઉપર જ સંસ્થાના માલિક પાસેથી રૂા.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– ..0.1.6.4
તા.૧૮/૦૫/૨૦૧૭

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

**સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર)ના પાલ વિસ્તારમાં પાલગામની બાજૂમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૧૬(પાલ)માં ૧૮.૦૦ મી.ના રોડ(૬૦.૦૦ ફૂટના) ટી.પી.રસ્તા ઉપર પાલ કબ્રસ્તાનના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ધ્વારા બનાવવામાં આવેલ કમ્પાઉન્ડ વોલના ડિમોલિશનની કામગીરી**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમનં.૧૬(પાલ)સરકારશ્રી તરફથી તા.૧૧/૦૫/૨૦૧૬ થી પ્રિલીમનરી ટી.પી.સ્કીમ તરીકે મંજૂર થયેલ. સદરહુ ટી.પી.સ્કીમના ૧૮.૦૦ મી.ના રસ્તા પૈકીની જગ્યામાં પાલ કબ્રસ્તાનના ટ્રસ્ટીઓ ધ્વારા કમ્પાઉન્ડ વોલ બનાવી દેવામાં આવેલ. સદરહુ ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલ દૂર કરવા પાલ કબ્રસ્તાનના ટ્રસ્ટીઓને અત્રેથી વારંવાર જણાવવામાં આવેલ. તેમ છતાં તેઓ ધ્વારા સદર બાબતે કોઈ કામગીરી ન કરવામાં આવતા આજે તા.૧૮/૦૫/૨૦૧૭ના રોજ પોલિસ બંદોબસ્ત સાથે રાખી સ્થળ પર સદર ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ અને આશરે ૧૨૦૦.૦૦ ચો.ફૂટ ની કમ્પાઉન્ડ વોલ દૂર કરવામાં આવેલ અને આશરે ૫૫૦૦.૦૦ ચો.ફૂટ રસ્તા પૈકીની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ, જેના કારણે ઘણા સમયથી સદર ગેરકાયદેસર કમ્પાઉન્ડ વોલના કારણે જાહેર જનતાને નડતી ટ્રાફિકની સમસ્યા હલ થાય તે માટે ૧૮.૦૦ મી.ના ટી.પી.રસ્તાને ખુલ્લો કરવામાં આવેલ. જેના કારણે એલ.પી.સવાણી રોડ ઉપર આવેલ પાલ ગામ સર્કલ પાસેના ફોર્ચ્યુન મોલથી ગૌરવ પથ તરફ જવા માટે સદર ૧૮.૦૦ મી. ના ટી.પી. રસ્તાનો ઉપયોગ જાહેર જનતાને કરવામાં સરળતા રહે છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ ૪–આસી.ઈજનેર / જુની ઈજનેર, ૨–સુપરવાઈઝર, ૧–ટેક. આસી., ૧–વિડિયો ગ્રાફર, ૧–ફોટોગ્રાફર, કુલ–૩૫બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી / ટ્રક, ૧–જે.સી.બી., કુલ૧૫–સિક્યોરીટી સ્ટાફ/માર્શલ તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણનો સ્ટાફ તથા ડેપ્યુટી ઈજનેરશ્રી સહિત તેમજ રાંદેર અડાજણ સ્ટેશનના એ.સી.બી., પી.આઈ., પી.એસ.આઈ. તથા તેમના ૧૫–પોલિસ (મહિલા સહિત)ના સ્ટાફના સાથ અને સહકારથી કોઈપણ અણબનાવ ન બને તેની કાળજી લઈ સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0165
તા.૧૮/૦૫/૨૦૧૭

## પ્રેસ નોટ
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૫/૧૭ ને ગુરૂવાર ના રોજ વેડ દભોલી વિસ્તારમાં આવેલ મહાજાળી–૨ થી કપિરાજ એપાર્ટમેન્ટ સુધી અને સાઈડ. કપિરાજ એપાર્ટમેન્ટ થી પ્રિયાપાર્ક ચાર રસ્તા અને સાઈડ.કપિરાજ થી કેન્દાર હોસ્પિ. થઈ અંકિતા પાર્ક સુધી અને સાઈડ.નિકુંજ રેસીડન્સી થી તુલસી રેસીડન્સી સુધી બન્ને સાઈડ. વિસ્તારમાં કરવામાં આવેલ સફાઈ ઝુંબેશ જેમા આરોગ્ય વિભાગ દ્વારા અને એન્જીનીયરીંગ વિભાગની સંકલિત ઝુંબેશ સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ હતી.

આરોગ્ય વિભાગ દ્વારા ૧૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૬ નોટીસ આપવામાં આવેલ તેમજ જાહેરમાં ન્યુસન્સ કરતાં ૩૨ ઈસમો પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા. ૭,૧૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૦ માઈક્રોનથી ઓછી પ્રતિબંધિત પ્લાસ્ટિક ૫.૨૦૦ કિ.ગ્રા. જપ્ત કરેલ છે. **નાયબ આરોગ્ય અધિકારી, મુખ્ય** આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય **નિરીક્ષક તેમજ મદદનીશ આ.નિ. દ્વારા રૂબરૂ** આરોગ્ય લક્ષી ચકાસણી દરમ્યાન ૧૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થોનો નાશ કરેલ છે. તથા વી.બી.ડી.સી દ્વારા પાણીજન્ય રોગો અને મચ્છરજન્ય રોગોની અટકાયત બાબતે પ્રચાર દ્વારા પ્રસાર કરવામાં આવેલ છે. સ્થળ તપાસ દરમ્યાન ની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિસ્તારમાં તથા ડસ્ટબીન સ્થળોની આજુબાજુ ૧૦૦ કિ.ગ્રા. જેટલો જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે. ડેબ્રીસના ઢગલાઓ ઉપાડવામાં આવેલ છે.

વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૫૨૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૮ વ્યક્તિની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોનો સર્વે દરમ્યાન ૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૫ ઈસમને નોટીસ આપવામાં આવી તથા રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરેલ છે. તથા ૧૮ જેટલા ટાયર, કેરબા તથા ડબ્બા વિગેરેનો ભંગાર સામાન જપ્ત કરેલ છે. તેમજ મચ્છરજન્ય રોગોની ઉત્પતિસ્થાન નાશ સ્થળોની તપાસના ભાગરૂપે ૧૦૫ જગ્યાએ ઓવરહેડ તેમજ અન્ડર ગ્રાઉન્ડ ટાંકીઓનું ચેકીંગ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ચકાસણી અર્થે જણાતા કુલ્લે ૨ ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ રૂા.૫,૦૦૦/– વસુલ કરેલ છે.

ઉપરોક્ત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ચકાસણી અર્થે જણાતા કુલ્લે ૩૮ ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ રૂા.૧૨,૧૫૦/– વસુલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0166
તા.૧૮/૦૫/૨૦૧૭

# પ્રેસ નોટ
## સુરત મહાનગરપાલિકા

સવિનય રીપોર્ટ કે નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૫/૧૭ ને શુક્રવાર ના રોજ નોર્થઝોન(કતારગામ) નો સમગ્ર વિસ્તારમાં કરવામાં આવેલ શૈક્ષણિક સંસ્થાની ફરતે ૧૦૦ વારના એરીયામા આવેલ તમાકુ પ્રોડકટસ ના લારી ગલ્લા તેમજ અન્ય સંસ્થા વિરૂધ્ધ કરેલ શિક્ષાત્મક કાર્યવાહીની કરવામાં આવેલ છે. તમાકુ ઝુંબેશ જેમા આરોગ્ય વિભાગ ધ્વારા સંકલિત તમાકુ ઝુંબેશ કરવામાં આવેલ. જે કામગીરીની વિગત નીચે મુજબ છે.

ઉપરોકત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન વિભાગ ધ્વારા આરોગ્ય લક્ષી ચકાસણી દરમ્યાન ખાંમી જણાતા કુલ્લે ૩૫ ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ રૂા,૭,૦૦૦/– વસુલ કરેલ છે. કરેલ કમગીરી ની પ્રેસનોટ આ સાથે સામેલ છે. જે દૈનિક છાપાઓમા પ્રસિધ્ધ કરવા વિનંતી.

અન્ય ન્યુસન્સ કરતી ૨૧ સંસ્થા પાસેથી ૨૩,૯૦૦/– વ.પ.ખર્ચ પેટે વસુલ કરેલ છે. તેમજ તમાકુ વહેચાણ કરતી ૩૫ સંસ્થા પાસેથી રૂા.૭,૦૦૦/– વસુલ કરેલ છે.

ઉપરોકત સફાઈ ઝુંબેશ દરમ્યાન આરોગ્ય વિભાગ ના સેનીટેશન વિભાગ ધ્વારા ચકાસણી ખામી જણાતા કુલ્લે ૫૬ ઈસમો પાસેથી વ.પ.ખર્ચ પેટે કુલ્લે ટોટલ રૂા,૩૦,૯૦૦/– વસુલ કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 0167
તા.૧૯/૦૫/૨૦૧૭

## –:: પ્રેસનોટ ::–

તા.૧૯–૦૫–૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૨૮ | ૧૬ | ૪૫ | ૩૨૦૦/- |
| વરાછા | ૮૫ | ૪૬ | ૨૧૮ | ૯૨૦૦/- |
| રાંદેર | ૧૬ | ૨૩ | ૬૦ | ૪૬૦૦/- |
| કતારગામ | ૪૨ | ૩૫ | ૧૮૫ | ૭૦૦૦/- |
| ઉધના | ૨૯ | ૧૩ | ૧૮૨ | ૨૬૦૦/- |
| લિંબાયત | ૪૭ | ૧૮ | ૧૭૬ | ૩૬૦૦/- |
| અઠવા | ૪૧ | ૧૭ | ૧૨૦ | ૩૪૦૦/- |
| કુલ | ૨૮૮ | ૧૬૮ | ૯૮૬ | ૩૩૬૦૦/- |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરસેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0168
તા.૧૯–૦૫–૨૦૧૭

**૧૬૯**

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

સુરત મહાનગરપાલિકા નોર્થ ઝોન વિસ્તારમાં તા. ૧૯/૦૫/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમની કામગીરીની વિગત.

વિષય : તા. ૧૯/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન અલથાણ ભટાર કોમ્યુનીટી હોલ સોહમ સર્કલ અલથાણ ગામ, સુરત. ખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોક ઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૧૯/૦૫/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન અલથાણ ભટાર કોમ્યુનીટી હોલ સોહમ સર્કલ અલથાણ ગામ, સુરત ખાતે સુરત મહાનગરપાલીકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં સાસ્કૃતિ સમિતિના ચેરમેન શ્રી રૂપલબેન શાહ સ્વાગત પ્રવચન આપતા જણાવેલ કે "સેવાસેતુ" કાર્યક્રમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. શાસક પક્ષના નેતાશ્રી ગીરજાશંકર મિશ્રાએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સરકાર સેવાસેતુ થકી જન્મથી મરણ સુધી વિવિધ સેવાઓ એક જ સ્થળે અને લોકોને તેના જ વિસ્તારમાં સેવા પુરી પાડવામાં આવી છે. મેયર શ્રીમતી અસ્મિતા બેન પ્રફુલભાઇ શિરોયા પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે સેવાસેતુ એ સરકાર અને પ્રજા વચ્ચેનો સેતુ છે જેમા સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને એક જ સ્થળ સરળતાથી મળી રહે તેવુ આયોજન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યુ છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં , મા. ડે. મેયર શ્રી શંકરલાલ ચેવલી, શાસક પક્ષ નેતાશ્રી ગીરજાશંકર મીશ્રા, હાઉસિંગ ચેરમેન શ્રી વિવેકભાઈ પટેલ ,ગટરસમિતી ચેરમેન શ્રી સુધાબેન નાટા તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમા દિવસ દરમ્યાન કુલ ૬૦૪ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર,<br>
સમાચાર યાદિ નં. ૧૬૯<br>
તા. ૨૬/૦૪/૨૦૧૭


સુરત મહાનગરપાલિકા
પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર
પ્રજાની લાગણી-માંગણી-અપેક્ષા પૂર્ણ કરવા
“સેવા સેતુ કાર્યક્રમ”





# <u>અખબારી યાદી</u>

સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી અને લિંબાયત ઝોનના ઝોનલ ચીફ શ્રી સી.વાય.ભટ્ટની સુચના મુજબ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.અજીત પી.ભટ્ટના સીધા માર્ગદર્શન હેઠળ લિંબાયત ઝોનના આરોગ્ય ખાતાના ચીફ સેનેટરી ઈન્સ્પેકટર શ્રી એમ.એ.શેખની એક ટીમે આજરોજ સિધ્ધિવિનાયક મંદીર સામે, ભાઠેના વિસ્તારમાં આવેલ રામદેવ પેટ્રોલીયમ નામની સંસ્થાના પેટ્રોલપંપ ઉપર આરોગ્યલક્ષી ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં તે પેટ્રોલપંપના સંચાલકો પાસે સુરત મહાનગરપાલિકાના ધી.બી.પી.એમ.સી.એકટ ની કલમ – ૩૭૬ (૧) મુજબનો પરવાનો માલમ પડેલ ન હતો. તેમજ પેટ્રોલપંપના કંમ્પાઉન્ડની અંદર બે જગ્યાએ કચરો, ગંદકી માલમ પડયા હતા. જેથી સંસ્થાના સંચાલકો પાસેથી રૂા.૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) વહીવટી ખર્ચ પેટે વસુલ લેવામાં આવ્યા હતા. તેમજ નોટીસ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નંબર :– ..0..1..7 0
તા.૨૦/૦૫/૨૦૧૭

૧૭૧

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૦/૦૫/૧૭ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષયઃ–સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં કરેલ ડીમોલીશનની કામગીરી બાબત.**

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના ટી.પી.સ્કીમ નં.૨૭(ભટાર–મજુરા) ઉધના–મગદલ્લા રોડ પર આવેલ રાધાકૃષ્ણ શોપીંગ સેન્ટરના ત્રીજા માળ પર સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર કરવામાં આવેલ આશરે ૯૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરાના શેડનું બાંધકામ કરતા હોવાનું ધ્યાને આવતા પતરાના શેડનું ઉકત મુજબનું બાંધકામ દૂર કરી મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.
- ટી.પી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા), ઉધના–મગદલ્લા રોડ પર સોસીયો સર્કલ પાસે સજાવટ ફર્નિચરની બાજુમાં આવેલ રોયલ હોમ ફર્નિચરવાળા બિલ્ડીંગના બીજા માળ પર સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા વગર શોરૂમ બનાવવાના ઈરાદે આર.સી.સી.સ્લેબ ભરવા માટે કરવામાં આવેલ આશરે ૨૩૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું સળિયા સેન્ટરીંગ સહિતનું બાંધકામ દૂર કરી સદરહુ ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે તથા ડીમોલીશન ચાર્જ પેટે મિલ્કતદાર પાસેથી રૂા.૨૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.
- વધુમાં ટી.પી.સ્કીમ નં.૨૮(રૂંઢ–વેસુ–મગદલ્લા)માં રાહુલ રાજ મોલની પાછળ, યુનિયન હાઈટની સામે ૧૮.૦૦ મી.ના ટી.પી.રસ્તા પર ઝુંપડાના કાચા પાકા દબાણો ઉભા થતા હોવાનું માલુમ પડતા આશરે ૨૦ ઝુંપડાના દબાણો આજરોજ દૂર કરી ટી.પી.રોડ ખુલ્લો કરવામાં આવેલ છે.

આમ આજરોજ આશરે ૩૧૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે તથા ડીમોલીશન ચાર્જ પેટે કુલ રૂા.૩૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

<u>સુરત મહાનગર પાલિકા</u>

<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>

<u>અખબારી યાદી</u>

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે <u>તા.૨૦/૦૫/૧૭</u> ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલઝોનમાં સૈયદપુરા, નવીચાલ ભાગાતળાવ ,સીથીવાડ,આંબાવાડી,મહારાષ્ટ્ર મંડળનો ખાંચો,નાની દેસાઈ પોળ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં બોરડી વિ,ધોબીનો મહોલ્લો, સુરેશપાર્ક,શ્રમજીવી કોલની તથા આજુબાજુ,દીપમાલા સોસાયટી,પ્રશાત સોસાયટી વિ–૧,આબેડકરનગર,ગીરધરનગર જેવા વિસ્તારમાં, ઉધના ઝોનમાં ભીમનગર આવાસ, શકિતનગરસધ્ધર્થનગર,બેઠી કોલોની,ગણેશનગર, અસ્માનગર/અકશાનગર, મહાવીર નગર હરી ઓમનગર જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં શાહપુરા,રામનગર,હરીજનવાસ,ખાનપુરા,ચીમની ટેકરા,ગાધીનગર,સલીમનગર,જવાહરનગર, શ્રધ્ધાસોસાયટી વિ–એ,બી,શિવ સાંઈશકિતનગર,મહાદેવનગર૧–૨,હરિદ્વારનગર,રામનગર,સમ્રાટનગર,શાંતિનગર જેવા વિસ્તારોમાં અઠવા ઝોનમાં પોલીસલાઈનપીપલોદ,હળપતિવાસપીપલોદ,હેડગેવારનગર,ગોકુલનગર,ભીમરાડ, હળપતિવાસ, કુવા ફળિયું જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં કુલવાડી,આંબાતલાવડી,ખડી મહોલ્લો,નવો–જુનો હળપતિવાસ, એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમા ખારવા ચાલ, ધોબી ખાડી,નરસિહ મંદિર,ઉધરસ ભૈયાની ચાલ,શ્રી રામનગર સો, મરઘા કેન્દ્ર સો,રવિપાર્ક ઝું,ચોરા ફળિયું,મુકિત ધામ,રાધાસ્વામી,હસ્તીના પુર,રામેશ્વરમ,પ્રમુખ છાયા,આમ્રકુંજ સોસા યોગીનગર,જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 36522 | 78995 | 320 | 11092 | 826 | 2491 | 137 | 52050 | 88 | 35422 | 15843 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.
તા. ૨૦–૦૫–૨૦૧૭

# :: પ્રેસનોટ ::

સરકારશ્રીની સૂચના અન્વયે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧ મે ૨૦૧૭ "Obesrvation OF Anti-Terrorism Day" અતર્ગત તા. ૨૨ મે ૨૦૧૭ ના રોજ સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકા મુગલીસરા કચેરીના પટાંગણમાં માનવ જીવનના મૂલ્યો ને નુકશાન પહોચાડનારા કૃત્યો સામે દેશના નાગરીક તરીકેની ફરજ બજાવવા માટે તથા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "Anti-Terrorism Day" અંગેના શપથ લેવડાવ્યા હતા. જેમા મ્યુ. કમિશનરશ્રી એમ.થેન્નારાસન(IAS), મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ મોટી સખ્યામાં ઉપસ્થિત રહયા હતા તથા સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન, ૮૩ વોર્ડ ઓફિસો, ૩૩ વી.બી.ડી.સી. યુનિટ ઉપરાંત અને અન્ય કચેરી ઓમાં અધિકારીશ્રીઓ, કર્મચારીઓ એ મોટી સખ્યામાં  ઉપસ્થિત રહી શપથ ગ્રહણ કર્યા હતા.





# પ્રે સ નો ટ

**વિષય :** ઓપરેશન હેલ્થ કેર અંતર્ગતની કામગીરી

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) અને આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારોમાં તા. ૧૫ થી ૨૦–૦૫–૨૦૧૭ નાં દરમ્યાન ઉનાળાની ઋતુને ધ્યાને ઓપરેશન હેલ્થ કેર અને પ્રિમોન્સુન સંદર્ભે આરોગ્યલક્ષી કામગીરીમાં બરફનાં ગોળા / કુલ્ફી / મટકા કુલ્ફીની કુલ ૨૧૨ લારીઓ બંધ કરાવેલ છે. સડેલા / કાપેલા / ખુલ્લા રાખેલા / વધુ પડતા પાકેલા ફળો / શાકભાજીનો ૮૩૪ કિ.ગ્રા. નાશ કર્યો, ખાણીપીણીની લારીઓ / રેકડીઓનાં પીવાનું પાણી અને ખાદ્ય પદાર્થોનું ૯૦૮ સ્થળે ચેકીંગ કર્યુ, જે પૈકી ૩૮૬ સંસ્થાઓને નોટીસ આપી તથા ૧૪ સંસ્થાઓને બંધ કરાવેલ હતી. મીઠાઈની દુકાનો / હોટલ / અન્ય ખાદ્ય પદાર્થ વેચતી સંસ્થાઓ ૩૧૩ ચેકી કરી જે પૈકી ૭૪ સંસ્થાઓને નોટીસ આપી. દુધની ડેરી–૨૩૪ ચેકી કરી જે પૈકી ૩૭ સંસ્થાઓને નોટીસ આપી. બરફની ફેકટરી કુલ ૨૭ સંસ્થા ચેક કરી તે પૈકી ૧૮ સંસ્થાઓને નોટીસ આપી તથા ૦૨સંસ્થાઓને બંધ કરાવેલ હતી.બરફનું વેચાણ કરનાર ૫૩ સંસ્થા ચેક કરી જે પૈકી ૨૩ સંસ્થાઓને નોટીસ આપી તથા ૦૧ સંસ્થાને બંધ કરાવેલ હતી.

::::::::::::::::::::::

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 0174 તા. ૨૧–૦૫–૨૦૧૭

## :: પ્રેસનોટ ::

### ''પમી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ''પમી જુન વિશ્વ પર્યાવરણ દિન'' ઉજવણી નિમિત્તે તા.૦૩/૦૬/૨૦૧૭ના રોજ વેશભૂષા સ્પર્ધા તથા તા.૦૫/૦૬/૨૦૧૭ના રોજ યોજાનાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન

પમી જુન ''વિશ્વ પર્યાવરણ દિન'' ની ઉજવણી નિમિત્તે ''એન્વાયરમેન્ટ અવેરનેશ ફંડ'' પ્રેરીત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત વેશભૂષા સ્પર્ધા તા.૦૩/૦૬/૨૦૧૭ને શનિવારના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશન તા.૦૫/૦૬/૨૦૧૭ને સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. આ વેશભૂષા સ્પર્ધામાં પ્રાથમિક વિભાગના ધો. ૧ થી ૪ અને ધો.૫ થી ૮ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ તથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કોમ્પીટીશનમાં ૧૮ વર્ષથી ઉપરના શહેરીજનો ભાગ લઈ શકશે.

આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટેના પ્રવેશપત્રો સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો **તા.૦૨/૦૬/૨૦૧૭, સાંજે ૬.૦૦ કલાક સુધીમાં** સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ(રંગ ઉપવન), ચોકબજાર, સુરત ખાતે પરત કરવાના રહેશે.